# શીલ શ્રુતમ્

સરદાર પટેલ વિશ્વવિદ્યાલયનું માસિક વૃત્તપત્ર

વર્ષ : ૧૯ અંક : ૧ ૧૫-૮-૨૦૦૮ સળંગ અંક : ૨૧૦



સંપાદકો

**પરમ પાઠક + મદનમોહન શર્મા + નિરંજન પટેલ + સોનલદે દેસાઈ + ઉજ્જવલ ત્રિવેદી + મનીષ સોલંકી**


## Editorial

### August and 'Shraavana': The Confluence of 'Shakti' and 'Bhakti'

The arrival of much-awaited rain has reinvigorated the Mother Earth as joy and hope are being showered over all its inhabitants. India, our mother country, is also partaking in this spirit of celebration in her own distinct manner as the co-arrival of August and 'Shraavana' provides a befitting opportunity for the confluence of 'Shakti' and 'Bhakti'. August month is of vital national importance for India as we are celebrating 62nd anniversary of our Independence Day on 15th August. This month is, in India's context, the month of revolution as the British rule came to an end and we achieved our Independence on 15th August 1947. We celebrate this day as 'Rashtriya Parva' to commemorate our brave freedom fighters who sacrificed their lives to set India free from the fetters of colonial slavery. We observe this day each year to evince our nationwide reverence to these martyrs who made courageous offering of their lives on the altar of Mother India.

But the spirit of celebration should not make us overlook the stark realities confronting us as a nation while we are struggling hard to keep on evolving as world's largest democracy. The supple but fragile fiber of our democracy is endangered as disruptive forces such as fundamentalism-communalism, regionalism-sectarianism and terrorism-fanaticism are bent upon tearing it into shreds. Being diehard Indians, all of us, on this occasion, should have to make a sincere introspection to appraise our success (as well as failure), as a nation, when we are marching ahead in the era of globalistation and simultaneously striving to reconcile the demands of our democratic set-up with the challenges of globalised market economy. Doubts and despair are bound to confront us; failure and frustration are certain to obstruct our path. But we have to persist in our collective endeavour to preserve the spirit of national integrity intact. In the face of recent challenges to our very democratic foundation, one finds it difficult to be optimistic. But this national occasion can, and should, be the inspiring force for all of us to enhance our collective national consciousness. Let's reaffirm our faith in the core values of liberal democracy and rephrase our commitment to preserve its legacy and to contribute to its continuous onward march.

To provide us the inspirational force in this formidable task, 'Shraavana' has also coincided with August, its devotionally charged festive spirit inviting us to undergo inner transformation through the means of 'Bhakti' and to enrich our individual consciousness. The series of festivals in 'Shraavana' like 'Raksha Bandhan', 'Janmashtami', and 'Pateti' adds vibrancy to our spirit of national unity. The spirit of 'Revolution' gets united with the spirit of 'Devotion' during this concurrence of August and 'Shraavana'. To this confluence, the serene drizzle of rain from the sky above is adding yet another tributary, making it a 'Triveni Sangama'. No genuine Indian can remain aloof from this celebratory breeze of exuberance and resplendent joy. Happy Independence Day! Happy Shraavana! Happy Monsoon!

**– Manish Solanki**

**सारे जहाँ से अच्छा हिन्दोस्तां हमारा**

स्वतंत्रता दिवस की शुभकामनाएँ

સ્વાતંત્ર્યદિન મુબારક

Happy Independence Day

## Teaching - Learning

➢ ચારૂતર વિદ્યા મડળ સંચાલિત **વે-મેઇડ કોલેજ ઓફ એજયુકેશન**માં નવા શૈક્ષણિક સત્રની શરૂઆતમાં કોલેજમાં પ્રવેશ મેળવેલ નવીન વિદ્યાર્થીઓ માટે 'Orientation Programme'નું આયોજન કરવામાં આવ્યુ હતું. જેના ભાગરૂપે અઠવાડિયા દરમિયાન વિવિધ શૈક્ષણિક અને સહ અભ્યાસકીય પ્રવૃતિઓ કરવામાં આવી હતી.

ગણિતનું મહત્વ તથા પર્યાવરણીય જાગૃતતા વિશે વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવ્યું હતું. મુંબઇ વિશ્વ વિદ્યાલયના પર્યાવરણ વિજ્ઞાનના વરિષ્ઠ પ્રાધ્યાપિકા શ્રીમતી રીતા બાસુ દ્વારા 'પર્યાવરણીય જાગૃતતા' વિશે મનનીય વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. તદ્ઉપરાંત મ.સ. યુનિવર્સિટીના ગણિત વિભાગના નિવૃત્ત પ્રાધ્યાપક ડૉ. જોશી દ્વારા ગણિતના મહત્વ તેમજ અર્વાચીન સમાજમાં શિક્ષકનું સ્થાન અને તેની ભૂમિકા અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. તદ્ઉપરાંત વે-મેઇડ કોલેજ અને Zenus Pink Health ના સંયુકત ઉપક્રમે આયોજિત 'Memory Improvement Techniques' અંગેના સત્રમાં Zenus Pink Healthથી પધારેલ શ્રી મનીષ શાહ અને સેજલ પટેલ દ્વારા કોલેજના વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારની યાદશકિતની જાણકારી આપવામાં આવી હતી. તદ્ઉપરાંત યાદશકિત વધુ સારી કેવી રીતે ખીલવી શકાય તેની સવિસ્તર સમજ આપવામાં આવી હતી.

વધુમાં તા. ૨૭ જૂનના દિવસે જાણીતા કેવળણીકાર હેલન કેલરની ૧૨૮મી જન્મજંયતિના ભાગરૂપે વિદ્યાર્થીઓને વિશિષ્ટ પ્રકારના વિદ્યાર્થીઓને જાણવાની અને તેના શિક્ષણમાં શિક્ષકની ભૂમિકા વિશેની સમજ આપવા ફિલ્મ 'Black' દર્શાવવામાં આવી હતી. પ્રસ્તુત દિવસે જાણીતી બી.એડ્ કોલેજ - નવરચના કોલેજ ઓફ એજયુકેશન, વડોદરાના આચાર્ય તથા પ્રાધ્યાપકગણે કોલેજની મુલાકાત લીધી હતી. તેમણે કોલેજ ના આચાર્યા તથા પ્રાધ્યાપકગણ સાથે શિક્ષણ-પ્રશિક્ષણની વર્તમાન સંદર્ભમાં ચર્ચા કરી હતી. તેમણે કોલેજની વિવિધ શૈક્ષણિક અને સહ અભ્યાસકીય પ્રવૃતિઓની નોંધ લીધી હતી. તદ્ઉપરાંત નવરચના કોલેજ અને વે-મેઇડ વચ્ચે વૈચારિક આદાન-પ્રદાન જરૂરી ગણાવ્યું હતું. સહઅભ્યાસકીય પ્રવૃતિના ભાગરૂપે વિવિધ રમતો અને નવા વિદ્યાનગરની ત્રણ સંસ્થાઓ એ.ડી.આઇ.ટી., જી.જે. આયુર્વેદ કોલેજ, ફાર્મસી મહાવિદ્યાલય તથા સરદાર પટેલ મેમોરીયલ ખાતે પ્રવાસનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ભાવિ શિક્ષકોને નવીન અને વિવિધ પ્રકારના અધ્યયન અનુભવો પૂરા પાડી તેમને શિક્ષણના વ્યવસાય માટે સજજ કરવાના હેતુરૂપ આ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

➢ ચારૂતર વિદ્યા મડળ સંચાલિત **સેમકોમ કોલેજ**માં પ્રથમ વર્ષ બીબીએ, બીસીએ તથા બીબીએ આઇટીએમમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે કોલેજ દ્વારા બે દિવસીય અભિમુખતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તાજેતરમાં દરેક પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે ઓરીએન્ટેશન પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો. આ પ્રોગ્રામમાં પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને સમેકોમ કોલેજ અંગે ચારૂતર વિદ્યામંડળ, વિદ્યાનગર, સહધ્યાયી પ્રોફેસર ગણ અને કોલેજના વાતાવરણ અંગે જાણકારી આપવામાં આવી હતી. ચારૂતર વિદ્યામંડળનો ઇતિહાસ દર્શાવતી ''જંગલમે મંગલ'' અત્યંત પ્રેરણાત્મક ફિલ્મ બતાવી વિદ્યાર્થીઓને તેમના ધ્યેય તરફ આગળ વધવા માટે પ્રેરણા આપી હતી.

➢ શ્રી બોરીઆવી કેળવણી મંડળ સંચાલિત **સરદાર પટેલ કોમર્સ કોલેજ**માં તા. ૨૫મી જુલાઇને શુક્રવારના રોજ નૂતન પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓનો અભિમુખતા કાર્યક્રમ મંડળના માનદ્ મંત્રીશ્રી ગુરુચરણભાઇ એ. પટેલ તેમજ મંડળના સભ્યો તેમજ અતિથી વિશેષ તરીકે બી.જે.વી.એમ. કોલેજના સીનીયર ફેકલ્ટી જી.વી. મહેતાની ઉપસ્થિતિમાં ઉજવાયો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ટી.વાય.બી.બી.એ. અને એસ.વાય.બી.બી.એ.ના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. સાથે સાથે કાર્યક્રમને સફળ બનાવવા માટે યોગ્ય માર્ગદર્શન પ્રિન્સીપાલશ્રી તેમજ કોલેજના સંપૂર્ણ સ્ટાફે આપ્યુ હતું અને કાર્યક્રમમાં ભાગ લેનાર બધાજ વિદ્યાર્થીઓનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો તથા અંતે રાષ્ટ્રગીતના ગાન સાથે કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

આ જ કોલેજમાં તાજેતરમાં ચતુર્થ વિદ્યાર્થી અભિમુખતા કાર્યક્રમ મંડળના પ્રમુખ રમણભાઇ પટેલની અધ્યક્ષતામાં યોજાઇ ગયો. આ પ્રસંગે નૂતન પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ કોમર્સ કોલેજ**ના ફોરેન ટ્રેડના ઉપક્રમે વિદ્યાર્થીઓ માટે અભિમુખતા કાર્યક્રમ યોજાઇ ગયો. કાર્યક્રમના અધ્યક્ષપદે શ્રીમતી જયોત્સનાબેન કે. પટેલ તથા મુખ્ય મહેમાનપદે એમ.બી.એ. ડીપાર્ટમેન્ટના ડૉ. એચ.જે. જાની ઉપસ્થિત રહયા હતા.

ડૉ. એચ.જે. જાની સાહેબે મુખ્ય મહેમાનપદેથી બી.બી.એ. ફોરેન ટ્રેડ વિશેની અને આજના હરિફાઇના યુગમાં તેના મહત્વ વિશે સમજાવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન એસ.વાય.બી.બી.એ.ની વિદ્યાર્થિનીઓ અર્ચના આનંદ અને હરપ્રિતસીંગે સંભાળ્યું હતું.

➢ સરદાર પટેલ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત આણંદની **સી.પી. પટેલ અને એફ.એચ. શાહ કોમર્સ કોલેજ**માં પ્રથમ વર્ષ કોમર્સના વિદ્યાર્થી ભાઇ-બહેનોનો અભિમુખતા કાર્યક્રમ તાજેતરમાં સરદાર પટેલ એજયુકેશન ટ્રસ્ટના માનદ્ મંત્રીશ્રી ભીખુભાઇ પટેલના અધ્યક્ષપદે યોજવામાં આવ્યો હતો. મુખ્ય મહેમાનપદે પૂર્વ વાઇસ-ચાન્સેલર

ડૉ. વી.એસ. પટેલે હાજર રહી વિદ્યાર્થીઓને જીવન ઉપયોગી ઉદાહરણ આપી ચારિત્ર્ય, શિસ્ત અને નિયમિતતા ગુણનું જીવનમાં મહત્વ સમજાવ્યું.

➤ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ કોલેજ ઓફ એજ્યુકેશન,** આણંદમાં તાજેતરમાં તાલીમાર્થીઓને વિષય અંતગર્ત જાણકારી આપવા સંસ્થાના આચાર્યશ્રી દિવ્યેશભાઇ એમ. પટેલના અધ્યક્ષસ્થાને અભિમુખતા કાર્યક્રમ યોજાયો હતો.

➤ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત અને નવનિર્મિત **એફ.એચ. શાહ ઈંસ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ ઇન્ફરમેશન ટેકનોલોજી,** આણંદના પ્રથમ વર્ષ બી.બી.એ. (ફોરેન ટ્રેડ)ના વિદ્યાર્થીઓ માટે અભિમુખતા કાર્યક્રમ ટ્રસ્ટના સેક્રેટરી શ્રી ભીખુભાઇ પટેલની અધ્યક્ષતામાં અને ધવલ ગ્રૂપ ઓફ ઇન્ડિસ્ટીઝના વાઇસ પ્રેસિડન્ટ શ્રી ધવલ પટેલના અતિથિ વિશેષ પદે તા. ૧૨-૭-૦૮ના રોજ કોલેજમાં યોજાઇ ગયો.

➤ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ કોમર્સ કોલેજ**માં એન.એસ.એસ. વિભાગનો અભિમુખતા કાર્યક્રમ તા. ૧૭-૭-૨૦૦૮ના રોજ યોજાયો. આ કાર્યક્રમમાં પ્રમુખસ્થાને કોલેજના આચાર્યશ્રી બી.સી. ગાંધી અને મુખ્ય મહેમાનપદે આણંદ નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી સેજલબેન પટેલ ઉપસ્થિત રહતા હતા.

પ્રોગ્રામ ઓફીસર ટી.એન. ચૌધરીએ એન.એસ.એસ. પ્રવૃતિનો પરિચય આપ્યો હતો.

આ જ કોલેજમાં એન.સી.સી. વિભાગના ઉપક્રમે ગ્રાહક અભિમુખતા કાર્યક્રમ યોજાયો હતો. જેમાં એ.જી. શેખ (સેક્રેટરી નવોદિત ફોરમ, ખેડા) જયેશ તલાટી (વકીલ) તથા પી.બી.ત્રિવેદી (કો-ઓર્ડીનેટર-નેક) તથા એન.સી.સી. ઓફીસર-વી.એમ. વનાર હાજર રહયા હતાં.

એન.સી.સી. કેડેટ્સ ગ્રાહક સુરક્ષા ધારાથી માહિતગાર થાય અને તેના લાભ સમાજને આપી નવી રાહ ચીંધે તેવા હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી એ.જી. શેખે ગ્રાહક સુરક્ષા ધારા વિશે સંપૂર્ણ માહિતી આપી હતી., તથા તેના લાભ સમાજનાં હિતમાં કઇ રીતે લઇ શકાય તેની વિસ્તૃત છણાવટ કરી હતી.

શ્રી જયેશ તલાટીએ બજારમાં ગ્રાહકને કેવી રીતે છેતરવામાં આવે છે તેના વિવિધ ઉદાહરણો આપી છણાવટ કરી હતી અને આવી છેતરપીંડીઓ સામે કાયદાની મદદ કેવી રીતે લઇ શકાય તેની માહિતી આપી હતી.

➤ **એમ.બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન**ના શૈક્ષણિક વર્ષ ૨૦૦૮-૦૯માં તાલીમાર્થીઓના લાભાર્થે યોજવામાં આવતા તજ્જ્ઞ-વ્યાખ્યાનોની શુભ શરૂઆત તા. ૨૧-૭-૦૮ના રોજ ડૉ. (પ્રો.) એમ. કે. યાજ્ઞિક, અધ્યક્ષ, અનુસ્નાતક શિક્ષણશાસ્ત્ર વિભાગ દ્વારા અપાયેલ એક વ્યાખ્યાન દ્વારા થઇ. 'પ્રશિક્ષણ અને અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા' વિષય પરના વ્યાખ્યાનમાં શ્રી યાજ્ઞિકે શિક્ષણની દાર્શનિક અને મનોવૈજ્ઞાનિક આધારશિલાઓનો આછો ચિતાર આપી તાલીમ શબ્દની વિભાવના સમજાવી હતી. શ્રી યાજ્ઞિકે પોતાના પ્રવચનમાં વર્તનવાદ સૂચિત અધ્યયનનાં ચાર સત્યો રજૂ કરી શિક્ષણ પ્રક્રિયાના વિવિધ સોપાનો જેવાં કે હેતુ નક્કી કરવા, પ્રક્રિયા કરવી અને નીપજ તપાસવી વગેરે રજૂ કરી હતી. વર્ગખંડ વ્યવસ્થાપનનો ઉલ્લેખ કરતાં તેમણે સામાજિક વ્યવસ્થાપન અને જ્ઞાન-વ્યવસ્થાપનના કૌશલો હસ્તગત કરવાનો અનુરોધ કર્યો હતો.

➤ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ કોલેજ ઓફ એજ્યુકેશન**માં મહાકવિ કાલિદાસની જન્મજયંતિની ઊજવણી થઇ. જેમાં તાલીમાર્થી ભાઇઓ કિરણભાઇ, મનુભાઇ અને શેખભાઇએ વિવિધ કૃતિઓ પર વકતવ્ય આપ્યું હતું.

➤ શ્રી બોરીયાવી કેળવણી મંડળ સંચાલિત **સરદાર પટેલ આર્ટ્સ કોલેજ**માં હિન્દીના સુપ્રસિદ્ધ કથા સમ્રાટ પ્રેમચંદની ૧૨૯મી જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે હિન્દી વિભાગના અધ્યક્ષા અનિલા મિશ્રાએ પ્રેમચંદનાં સમગ્ર કથા સાહિત્ય વિશે તલસ્પર્શી ચર્ચા રજૂ કરીને વિદ્યાર્થીઓને પ્રેમચંદના સાહિત્યિક જીવનના વિવિધ પાસાંઓનો સુંદર પરિચય કરાવ્યો હતો.

આ જ કોલેજમાં ગુજરાતી વિભાગના ઉપક્રમે ૨૧મી જુલાઇના રોજ ઉમાશંકર જોશીની ૯૮મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમની શરૂઆત ગુજરાતી વિભાગના પ્રા. નરેન્દ્ર પટેલે ઉમાશંકર જોશીના જીવનનો પરિચય આપીને કરી હતી. આ સમયે કોલેજના કા. આચાર્યા પારૂલ પ્રધાને ઉમાશંકર જોશીની સર્જનયાત્રા વિશે તલસ્પર્શી વ્યાખ્યાન આપ્યું હતું. ભારતીય જ્ઞાનપીઠ ઍવૉર્ડ વિજેતા ઉમાશંકર જોશીના સાહિત્ય સર્જનમાં કવિ તરીકે- અમીશા વાળંદ, વાર્તાકાર તરીકે- મનુ પરમાર, એકાંકીકાર તરીકે- ચિરાગ પરમાર તેમજ કવિ જીવન વિશે- મયૂર પટેલે પોતાની વાતો રજૂ કરી હતી. આ ઉપરાંત ઉમાશંકરના સમગ્ર પુસ્તકોનું પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું અને ભીંતપત્ર સ્વરૂપે તેમના કાવ્યો રજૂ કરાયા હતા.

➤ શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં ઉમાશંકર જોશી જન્મજયંતીની ઉજવણી સહ-અભ્યાસ પ્રવૃત્તિ અંતર્ગત ગુજરાતી કલબ દ્વારા કરવામાં આવી હતી.

સહ-અભ્યાસ પ્રવૃત્તિના કન્વીનર ડૉ. ડી. આર. પરમારે ઉમાશંકર જોશીનો પરિચય આપ્યો હતો. ત્યારબાદ તાલીમાર્થી બહેનો-સ્નેહવીણા પરમાર અને રમાબેન મેકવાને ઉમાશંકર જોશીના જીવન અને તેમની કૃતિઓ વિશે પોતાના વકતવ્ય રજૂ કર્યા હતા. ત્યારબાદ તાલીમાર્થી બહેનો-ફરજાના વહોરા, શીતલ પટેલ, કાજલ મકવાણા અને યાસ્મીન

દીવાને કાવ્ય પઠન કર્યું હતું. આ ઉજવણી નિમિત્તે ઉમાશંકર જોશીના પુસ્તકોનું પ્રદર્શન યોજાયું હતું.

➤ શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત **આણંદ કોલેજ ઓફ એજ્યુકેશન**માં તા. ૨૧-૭-૨૦૦૮ના રોજ ઉમાશંકર જોશીની જન્મજયંતિ નિમિત્તે તેમની કવિતાઓનું ગુજરાતી વિષયના તાલીમાર્થીઓ દ્વારા વ્યાખ્યાન યોજાયું અને વર્ષાગીત સ્પર્ધાનું આચાર્ય દિવ્યેશભાઇ પટેલના અધ્યક્ષસ્થાને આયોજન કરાયું. પ્રા. જેનીફરબેન ક્રિશ્ચિયન અને પ્રા. નિમિષાબેન પટેલે નિર્ણાયક તરીકેની સેવાઓ આપી. જેમાં પ્રથમ હર્ષદભાઇ ગઢવી, દ્વિતીય હેતલબેન ગામીત અને તૃતીય રમીલાબેન મછાર વિજેતા જાહેર કરાયા.

➤ ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત **શ્રી ભીખાભાઇ પટેલ આર્ટ્સ કોલેજ**માં પ્રવેશોત્સવ નિમિત્તે તાજેતરમાં સ્વામીશ્રી અખિલાનંદજીનું પ્રવચન- ''આપણે જ આપણા શિલ્પી'' યોજાયું હતું.

આજના આધુનિક યુગમાં નવજુવાનોમાં સ્વાભિમાનતા, રાષ્ટ્રપ્રેમ, દેશસેવા, સમાજસેવા, નીડરતા, નિર્ભયતા, સત્ય-નિષ્ઠા, સાહસિકતા, સ્પષ્ટવકતા, શ્રદ્ધા, ધીરજ, પ્રેમ, માનવતા, જેવા માનવીય મૂલ્યોના ભાવો જગાડવા તથા મહામૂલા જીવનનો ધ્યેય શું છે ? લક્ષ્ય શું છે ? જેવા વિષય પર બુદ્ધિશાળી પ્રાણી મનુષ્યે કેવી રીતે ક્યારે શું કરવું ? જેવા લાક્ષણિક પ્રશ્નોની સ્વામીશ્રી અખિલાનંદજીએ દૃષ્ટાંત સહિત છણાવટ કરતાં પ્રેરક પ્રવચન આપ્યું હતું. સંચાલન પ્રા. રંજનાબેન દવેએ કર્યું હતું.

➤ શ્રી બોરીયાવી કેળવણી મંડળ સંચાલિત **સરદાર પટેલ કોમર્સ કોલેજ**માં તાજેતરમાં શૈક્ષણિક વ્યાખ્યાનોનું આયોજન થયું હતું. એમાં ૨૮ જુલાઇ ૨૦૦૮ના રોજ ડૉ. એસ. ડી. કરંગીયાએ એકાઉન્ટ અંગે, ૧ ઓગસ્ટ ૨૦૦૮ના રોજ પાટણ કોર્ટના ન્યાયાધીશ શ્રી સતીષભાઇ પારેખે સાઇબર ક્રાઇમ તેમજ શૈક્ષણિક ક્ષેત્ર અને કાયદાની જરૂરિયાત અંગે વ્યાખ્યાન આપ્યું હતું.

➤ શ્રી બોરીયાવી કેળવણી મંડળ સંચાલિત **સરદાર પટેલ આર્ટ્સ કોલેજ**માં સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા ''અંધશ્રદ્ધા અને તેનું નિવારણ'' તે વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વક્તા તરીકે સી. પી. પટેલ આર્ટ્સ કોલેજ, નડિયાદના સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રો. પી. વી. પટેલ ઉપસ્થિત રહ્યા હતા, તેમણે સમાજના ભ્રામક ખ્યાલોથી દૂર રહેવું અને સમાજમાં જોવા મળતી અંધશ્રદ્ધા વિશે વિવિધ ઉદાહરણ દ્વારા અંધશ્રદ્ધાથી દૂર રહેવું તેમ જણાવ્યું હતું.

➤ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ** અને **આણંદ કોલેજ ઓફ એજ્યુકેશન**માં શૈક્ષણિક પ્રવચન સંદર્ભે તાજેતરમાં 'માઇન્ડ પાવર અને મેમરી' વિષય પર શૈક્ષણિક પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં વકતા તરીકે સહજાનંદ ફાર્માસ્યુટીકલ કંપની, સુરતના માર્કેટીંગ મેનેજર મનીષભાઇ શાહ તથા સેજલબેન પટેલ ઉપસ્થિત હતા. સહજાનંદ ફાર્માસ્યુટીકલ કંપનીના માર્કેટીંગ મેનેજર મનીષભાઇ શાહે પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા માઇન્ડ પાવર અને મેમરી વિશે રસપ્રદ રજૂઆત કરી હતી. હાલના અતિઝડપી સમયમાં માણસ માનસિક તણાવ હેઠળ છે, ત્યારે આ કંપનીની Zenus ટેબલેટ કે જે આયુર્વેદિક પદ્ધતિથી બનાવવામાં આવી છે. તે માઇન્ડને પાવરફુલ બનાવી મેમરીને વધારે છે.

➤ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ કોલેજ ઓફ એજ્યુકેશન**માં આચાર્ય દિવ્યેશભાઇ પટેલના અધ્યક્ષસ્થાને જીવનમાં મૂલ્યલક્ષી શિક્ષણ વિષય પર ભાઇકાકા હોલમાં પ્રવચન યોજાયું. જેમાં મુખ્ય મહેમાનપદે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઇશ્વરીય વિશ્વવિદ્યાલયના બ્રહ્માકુમારી ગીતાબેન અને મુખ્ય વક્તા તરીકે કોલેજ ઓફ એજ્યુકેશન, પેટલાદના નિવૃત્ત આચાર્યશ્રી ચંદ્રવદનભાઇ ચોકસી હતા.

➤ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન. એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન**માં વ્યાખ્યાનમાળા કાર્યક્રમ અંતર્ગત સુરેશભાઇ પરીખનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. શ્રી સુરેશભાઇ પરીખે કેળવણીનું મહત્વ અને શિક્ષકની ભૂમિકા સ્પષ્ટ કરતું મનનીય વ્યાખ્યાન આપ્યું હતું.

આ જ કોલેજ ખાતે લોક સાહિત્યવિદ્ શ્રી પ્રવીણભાઇ વ્યાસનો કાર્યક્રમ યોજાઇ ગયો. શ્રી પ્રવીણભાઇ વ્યાસે રમેશ પારેખ, બરકત વીરાણી અને અન્ય કવિઓની કવિતાઓનો રસાસ્વાદ કરાવ્યો હતો. તેમણે ગુજરાતી પાઠ્યપુસ્તકોમાં આવતી કવિતાઓ કેવી રીતે ગાઇને શીખવી શકાય તેનું નિદર્શન પણ કર્યું હતું.

➤ **અનુસ્નાતક હિન્દી વિભાગ**માં તા. ૩૧મી જુલાઇ ૨૦૦૮ના રોજ વિદ્યાર્થીઓ દ્વારા 'પ્રેમચંદ જયંતી ઉજવણી'નું આયોજન કરાયું હતું. આ પ્રસંગે વિભાગના વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓએ પ્રેમચંદ અને તેમના સર્જન વિશે પોતાના મંતવ્યો-વિચારો રજૂ કર્યા હતા. વિભાગના વડાશ્રી પ્રો. નવનીત ચૌહાણ ઉપરાંત એમ.એસ. યુનિવર્સિટી, વડોદરાના વિરાટ ચતુર્વેદી તેમજ ડૉ. શૈલજા ભારદ્વાજે પણ પ્રાસંગિક પ્રવચન કર્યા હતા. કાર્યક્રમમાં વિભાગના પ્રાધ્યાપકો તેમજ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

➤ **બી.જે.વી.એમ. - ચારુતર વિદ્યામંડળ સંચાલિત કોલેજ**

- રાષ્ટ્રીય કક્ષાની એક્ઝીક્યુટીવ ટ્રેનીંગ સેન્ટર E.E.I.માં આઠ રાજ્યના પ્રતિનિધિઓ સમક્ષ યુ.જી.સી. રિસોર્સ સ્પીકર તરીકે બી.જે.વી.એમ.ના બેકિંગના અધ્યક્ષ ડૉ. સુરેન્દ્ર જી. પટેલે ૨૯-૭-૨૦૦૮ના રોજ ''પરફોરમન્સ એપ્રેઇઝલ'' અને ૧-૮-૨૦૦૮ના રોજ ''લીડરશીપ સ્કીલ્સ ઇન એચ.આર.ડી.'' તથા પ્રો.ડૉ. જી. વી. મહેતાએ ''વ્યવસ્થાતંત્રીય વિકાસ'' વિકાસ ઉપર હાઇટેક પ્રેઝન્ટેશન કરેલ છે.
- ડૉ. એસ.જી. પટેલ, અધ્યક્ષ બેકિંગ, બી.જે.વી.એમ.નો રૂા. ૨૫૦૦૦નો માઇનોર રિસર્ચ પ્રોજેક્ટ ૨૦૦૬થી ૨૦૦૮ દરમ્યાન મંજૂર થયો છે. વિષય છે 'બેન્કિંગ જજમેન્ટ અને ગ્રાહક સુરક્ષા ધારો'.

- ડૉ. સુરેન્દ્ર જી. પટેલના Ph.D. શોધનિબંધ ઉપરથી રૂા. ૧૫૦૦૦ની યુ.જી.સી. ગ્રાન્ટ અન્વયે ૨૦૦૮માં પુસ્તક પ્રસિદ્ધ થયું છે.- PRIORITY SECTOR LENDING - By Dr. S. G. Patel.

➢ ચારુતર વિદ્યામંડળ સંચાલિત **સેમકોમ કોલેજ**ના શૈક્ષણિક વર્ષ ૨૦૦૫-૦૬માં બી.કોમની યુનિવર્સિટીની પરીક્ષામાં બબ્બે ગોલ્ડ મેડલ મેળવનાર ધવલ ત્રિવેદીએ સી.એ.ની ફાઈનલ પરીક્ષા પ્રથમ પ્રયત્ને પાસ કરી છે. ધવલે પ્રથમ વર્ષ બી.કોમના અભ્યાસકાળ દરમ્યાન PE-Iનો અભ્યાસ શરૂ કર્યો હતો અને તેમાં ઉત્તીર્ણ થઇ બી.કોમ.નો અભ્યાસ પૂરો કરે તે પહેલાં PE-II પાસ કરી દીધું હતું.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન**માં ફરજ બજાવતા પ્રા. ડૉ. પ્રફુલ્લાબેન સી. અમીનના ભગિની શ્રી ઉસ્મિતાબેન બી. પટેલના સ્મરણાર્થે ડૉ. પ્રફુલ્લાબેન સી. અમીને રૂા. ૫૦૦૦/-નો ચેક સંસ્થાને અર્પણ કર્યો હતો. આ રકમના વ્યાજમાંથી દરવર્ષે ફરજિયાત પ્રશ્નપત્રોમાં વધુ ગુણાંક મેળવનાર તાલીમાર્થી બહેનને રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

➢ ચારુતર વિદ્યામંડળ સંચાલિત **સેમકોમ કોલેજ**માં તા. ૫ જુલાઇ ૨૦૦૮થી તા. ૯ જુલાઇ ૨૦૦૮ સુધી લલિતકળા સપ્તાહનું આયોજન કરાયું હતું. જેમાં વિવિધ પ્રવૃત્તિ જેવી કે કોલાજ મેકીંગ, ઓન ધી સ્પોટ પેઇન્ટીંગ, પોસ્ટર મેકીંગ, કાર્ટૂન ડ્રોઇંગ, કલે મોડેલીંગ વગેરે પ્રવૃત્તિઓના કાર્યશિબિરની યોજના કરવામાં આવી હતી અને ત્યારબાદ જે તે પ્રવૃત્તિની સ્પર્ધાઓ પણ યોજવામાં આવી હતી. જાણીતા ચિત્રકાર, નાટ્યકાર અને દિગ્દર્શક કનુભાઇ પટેલે વિદ્યાર્થીઓને કોલેજ મેકીંગ અને ઓન ધી સ્પોટ પેઇન્ટીંગ વિશે, મિત્રેશ વર્મા જાણીતા ફ્રિલાન્સ, કાર્ટૂનિસ્ટ અને અભિનેતા દ્વારા વિદ્યાર્થીઓને પોસ્ટર મેકીંગ અને કાર્ટૂન ડ્રોઇંગ વિશે માહીતગાર કર્યા હતા. જ્યારે જાણીતા શિલ્પકાર, નાટ્યકાર અને લલિતકળા કલાકાર શ્રી ક્રિષ્ના પંડ્યાએ કલે મોડેલીંગ અને રંગોલી વિશે વિદ્યાર્થીઓને માહિતી આપી હતી.

આ જ કોલેજમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮માં સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા લેવાયેલ બીબીએ અને બીસીએની વાર્ષિક પરીક્ષામાં ઉત્કૃષ્ટ દેખાવ કરી બન્ને વિદ્યાશાખાઓમાં યુનિવિર્સિટીના સુવર્ણચંદ્રક હાંસલ કરશે. બીબીએ વિદ્યાશાખામાં કુ. શિવાની મહેશ્વરીને આશાભાઇ બાબરભાઇ પટેલ સુવર્ણચંદ્રક અને બીસીએ વિદ્યાશાખામાં કુ. અંકીતા પરીખને સ્વ. શ્રી ત્રિભુવનદાસ કે. પટેલ સુવર્ણચંદ્રક એનાયત થશે.

કોલેજ દ્વારા વિદ્યાર્થીઓની શૈક્ષણિક કારકીર્દિ ઉજ્જવળ બને તે માટે અથાગ પ્રયત્નો કરવામાં આવે છે અને કલાસમાં હાજરી તથા અધ્યાપકો દ્વારા મળતું માર્ગદર્શન તેઓના ઉચ્ચ પરિણામ માટે જવાબદાર છે.

વિદ્યાર્થીઓએ હાંસલ કરેલ ઝળહળતી સિદ્ધિઓ માટે કોલેજના આચાર્યશ્રી ડૉ. નિખિલ ઝવેરીએ અને અધ્યાપકગણે તેઓને અભિનંદન પાઠવ્યા હતા.

➢ શ્રી બોરીઆવી કેળવણી મંડળ સંચાલિત **સરદાર પટેલ કોમર્સ કોલેજ** ખાતે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને અનુલક્ષીને વિદ્યાર્થીઓ દ્વારા લાઇબ્રેરીનો વધુ ને વધુ ઉપયોગ થાય તે હેતુથી બોરીઆવી કેળવણી મંડળના માનદ્ મંત્રીશ્રી ગુરુચરણભાઇ પટેલની પ્રેરણાથી પૂ. ભાઇકાકા બૂક બેંકનું તા. ૧૫મી ઓગસ્ટના રોજ ઉદ્ઘાટન મંડળના પ્રમુખશ્રી રમણભાઇ મંગળભાઇ પટેલના હસ્તે રાખવામાં આવ્યું.

આ બૂક બેંકનો વિદ્યાર્થીઓ દ્વારા વધુ ઉપયોગ થાય તે હેતુથી તેમાં દરેક પ્રકારના પુસ્તકો, સામાયિકો, જનરલ નોલેજને લગતા પુસ્તકો રાખવામાં આવશે. આ ઉપરાંત કોમર્સ, બીબીએ (જનરલ), બીબીએ (આઇટીએમ), બીસીએ તથા બી.કોમ.ને લગતા પુસ્તકો પણ રાખવામાં આવશે અને ભવિષ્યમાં તેને ઇ-સામયિકો દ્વારા જોડવામાં આવશે.

હાલ સરદાર પટેલ કોમર્સ કોલેજમાં બીબીએ (જનરલ), બીબીએ (આઇટીએમ) તથા બીસીએ, બી.કોમનો અભ્યાસ ચાલી રહ્યો છે. કોલેજનું સેન્ટ્રલ એ.સી. મકાન, અદ્યતન કલાસરૂમ, લાઇબ્રેરી, વધુ ક્ષમતાવાળું ઓડિટોરિયમ તથા વિદ્યાર્થીઓમાં ડ્રેસ કોડ જેવી સુવિધાઓ આપીને ગ્રામ્યકક્ષાએ એક આદર્શ ઉભો કરવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. તેમ સંસ્થાના ઇન્ચાર્જ પ્રિન્સીપાલશ્રી ડૉ. મનીષાબેન ભટ્ટે જણાવ્યું હતું.

➢ **શ્રી જે.એમ. પટેલ આર્ટ્સ કોલેજ**ના ગુજરાતી વિભાગના ઉપક્રમે 'ઉમાશંકર જોશી જન્મજયંતિ'ની ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને સંસ્થાના પ્રમુખ શ્રી બિપિનચંદ્ર પી. પટેલ અને મુખ્ય અતિથિ તરીકે સંસ્થાના મંત્રીશ્રી ડૉ. હરેન્દ્ર ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી બિપિનચંદ્ર પી. પટેલ વકીલે 'ઉમાશંકર જોશી યુગદષ્ટા હતા' એમ કહી યાદ કર્યા હતા. હરેન્દ્ર ભટ્ટ સાહેબે 'ઉમાશંકર આપણા વિશ્વવ્યાપી ગુજરાતી કવિ હતા' એમ કહી ગૌરવ કર્યું હતું. કાર્યક્રમ નિમિત્તે એફ.વાય., એસ.વાય. અને ટી.વાય.ના વિદ્યાર્થીઓ તરંગ ઠક્કર, ભરત વાઘેલા, સાજિદ પઠાણ, શોભના પ્રજાપતિ, પંકજ,જયેશ પરમાર, માર્ગારિટ, દીપક, દીપેન વગેરેએ ઉમાશંકર જોશીનાં કાવ્યોનું પઠન કર્યું હતું. 'સાપના ભારા' અને 'બારણે ટકોરા' એકાંકીઓનું વાચિકમ્ રજૂ કર્યું હતું. ઉમાશંકર જોશીના કાવ્યો અને લખાણોને ભીંતપત્ર સ્વરૂપે રજૂ કર્યા હતા. ગુજરાતી વિભાગના અધ્યક્ષ પ્રા. રાજેન્દ્ર ગોહિલે સમગ્ર કાર્યક્રમના સફળ આયોજન માટે ખૂબ જ જહેમત ઉઠાવી હતી. પ્રા. સુધાબેને સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. પ્રા. મનોજ પરમારે આભારવિધિ કરી હતી.

➢ આણંદ પીપલ્સ મેડિકેર સોસાયટી સંચાલિત **શ્રી જે. એમ. પટેલ આર્ટ્સ કોલેજ**માં સ્નાતક- અનુસ્નાતક સંસ્કૃત વિભાગના ઉપક્રમે તાજેતરમાં, સંસ્થાધ્યક્ષ શ્રી બિપીનચંદ્ર પી. પટેલ (વકીલ)ની

અધ્યક્ષતામાં એક ‘‘સંસ્કૃત ક્વિઝ કોમ્પિટિશન’’ યોજાઇ ગઇ. કાર્યક્રમમાં ઉપસ્થિત પી.જી. સ્ટડીઝ એન્ડ રીસર્ચ સેન્ટરના સંયોજક ડૉ. કાન્તિલાલ દવેએ કાર્યક્રમની પૂર્વભૂમિકા સ્પષ્ટ કરી હતી. શંકરાચાર્ય, વ્યાસ, વાલ્મીકિ અને પાણિનિ એમ ચાર ટીમો વચ્ચેની આ સ્પર્ધામાં ‘પાણિનિ’ ટીમ વિજેતા બની હતી. સ્પર્ધાનું સંચાલન પ્રા. હેમલબેન રોહિત, પ્રા. દીક્ષાબેન સાવલા અને પ્રા. સચિન દરજીએ કર્યું હતું. આચાર્યશ્રી વિપુલભાઇ શ્રીમાળીએ પોતાના પ્રાસંગિક વકતવ્યમાં સ્પર્ધકોની મૌખિક અભિવ્યક્તિ અને વિષય સજ્જતાને બિરદાવી હતી. પ્રા. દિવ્યાબેન પટેલે આભારદર્શન કર્યું હતું.

➢ **વી.પી. એન્ડ આર.પી.ટી.પી. સાયન્સ કોલેજ** ખાતે એક દિવસીય એન્ટરપ્રિનિયોરશીપ સેમિનારનું આયોજન કોલેજના વિદ્યાર્થીઓ માટે તા. ૧૨મી ઓગસ્ટ ૨૦૦૮ના રોજ ‘‘ઇન્ડસ્ટ્રીયલ મોટીવેશન કેમ્પેઇન’’ વિષય ઉપર કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત સેમિનારના ઉદ્ઘાટન પ્રસંગે ચારૂતર વિદ્યામંડળના માનાર્હ મંત્રીશ્રી ડૉ. આર.પી. પટેલ, સરદાર પટેલ યુનિવર્સિટીના વાઇસ-ચાન્સેલર ડૉ. બી. જી. પટેલ અને સુક્ષ્મ, લઘુ અને મધ્યમ એન્ટરપ્રાઇઝીઝના ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી એન.પી. દવે ઉપસ્થિત રહ્યા હતા. શરૂઆતમાં કોલેજના આચાર્યશ્રી ડૉ. ડી. જે. દેસાઇએ મહેમાનોને આવકાર્યા હતા અને સેમિનારના પ્રયોજનની સમજ આપી હતી. ત્યારબાદ કાર્યક્રમની શરૂઆત દીપ પ્રગટાવીને મહેમાનોએ કરી હતી. ઉપરોક્ત મહેમાનોએ વિદ્યાર્થીઓને હાકલ કરી હતી કે ગ્રેજ્યુએટ થયા પછી પોતાના રોજગારની શોધ કર્યા કરતા તમે એવા બનો કે જેથી તમે સમાજમાં ભણેલા લોકોને રોજગાર આપી શકો. તદ્ઉપરાંત યુવાનોને ઔદ્યોગિક સાહસિક બનવા માટે અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે વિવિધ વક્તાઓએ હાજર રહી ઔદ્યોગિક સાહસિક કઇ રીતે બની શકાય, લોન કેવી રીતે મેળવી શકાય, કેવા પ્રકારના પ્રોજેક્ટ ચાલુ કરી શકાય, સબસીડી કોને મળે, કેટલી મળે અને કેવી રીતે મળે તેવી બાબતો અંગેની સમજ વિદ્યાર્થીઓને પૂરી પાડી હતી. ઉપરોક્ત સેમિનારમાં કોલેજના ૨૦૪ જેટલા વિદ્યાર્થીઓએ પ્રશ્નોત્તરીમાં રસપૂર્વક ભાગ લીધો હતો.

સમગ્ર કાર્યક્રમનું આયોજન એમ.એસ.એમ.ઇ., અમદાવાદના શ્રી પી.એન. સોલંકીએ કેમેસ્ટ્રી અને ઇન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી વિભાગના સ્ટાફના સહકારથી કર્યું હતું.

**અનુસ્નાતક ગુજરાતી વિભાગ** ખાતે ૧૧ ઓગસ્ટ ૨૦૦૮ના રોજ રાવજી પટેલના નિર્વાણદિનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ રાવજી પટેલના સાહિત્યિક પ્રદાનના વિવિધ પાસાંઓની ચર્ચા કરી હતી. રાવજી પટેલના કાવ્યોના પાઠ કર્યા હતા. વળી, રાવજી પટેલના એક કાવ્ય ‘હુંશીલાલની ચાદ’ નું મંચન પણ કર્યું હતું.

## Research Project on Entrepreneurship, Innovation and Education

**Dr. Raju M. Rathod**, Sr. Lecturer, Business Stuides Department carried out research on "A Study on Critical Linkages of Entrepreneurship, Innovation and Education in Gujarat" under the UGC Minor Research Scheme, for two years duration 1st July 2006 to 30th June 2008. Study came out with some interesting and thought provoking findings further proved that innovation surely improves the competitive strength of organizations, education can also play important role to create innovative entrepreneurship, but image of the higher education system must be changed.

Entrepreneurs who are handling the large scale industries are found more innovative compare to small and medium scale industries. The overall innovativeness of all the industries together significantly correlated with their performace, while innovativeness of medium and small scale industries is not positively correlated with their respective performance. Entrepreneurs gave least and last priority to universities and educational institutes for generating ideas for innovations. Most of the entrepreneurs said that people from universities and educational institutes are theoretical and not think practically. Entrepreneurs read academic research in journals, they use theoretical knowledge, they gathered thorough formal education from universities but don't want to consult universities for their workplace problems.

- **Dr. Raju M. Rathod**, Sr. Lecturer of Business Studies Department delivered guest lecture on Management in Personal Growth at C. P. Patel and F. H. Shah Commerce College on 23 July 2008, organized by JCI Anand for M. Com., B.B.A. and B.Com. students.

# Extension

**એચ. એમ. પટેલ ઈન્સ્ટિટ્યુટ તેમજ સેમકોમ કોલેજ,** વિદ્યાનગરના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં અંગ્રેજી તેમજ કોમ્પ્યુટર કાર્યશાળાનું આયોજન કરવામાં આવેલ હતું. 'કોન્ફિડન્સ' એટલે કે કોર્સ ઓન ફંકશનલ ઈન્ફર્મેશન, ડેઈલી ઈંગ્લિશ એન્ડ કોમ્પ્યુટર એજ્યુકેશન નામના આ તાલીમ કાર્યક્રમમાં આણંદ જિલ્લાના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાંથી કુલ ૬૦ ગ્રામમિત્રોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

કુલ ૫ દિવસ ચાલેલા આ કાર્યક્રમનોઉદ્ઘાટન સમારોહ એચ. એમ. પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈંગ્લિશ ટ્રેઈનિંગ એન્ડ રિસર્ચ ખાતે સંસ્થાના ડાયરેક્ટરશ્રી ડૉ. રાજેન્દ્રસિંહ જાડેજા તેમજ આણંદ જિલ્લા વિકાસ અધિકારીશ્રી રાહુલ ગુપ્તાની હાજરીમાં યોજાયો હતો. તેમજ આ કાર્યક્રમનો પૂર્ણાહૂતિ સમારંભ સેમકોમ કોલેજ ખાતે સંસ્થાના આચાર્ય ડૉ. નિખિલ ઝવેરી, ડૉ. રાજેન્દ્રસિંહ જાડેજા, પ્રિન્સીપલ સેક્રેટરી, ગ્રામ્ય વિકાસ શ્રી વરેશ સિન્હા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી રાહુલ ગુપ્તા વગેરેની હાજરીમાં યોજાયો હતો.

આણંદ જિલ્લામાં આ કાર્યક્રમને પ્રિ પાઈલટ પ્રોજેક્ટ તરીકે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ સફળ થયા બાદ જરૂરી સુધારા વધારા સાથે આવનાર દિવસોમાં સમગ્ર ગુજરાત રાજ્યમાં કાર્યરત તમામ ગ્રામમિત્રોને આ પ્રકારની તાલીમ પૂરી પાડવાનું આયોજન છે.

સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન. એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન** ખાતે પર્યાવરણ જાગૃતિ અન્વયે તાલીમાર્થીઓ અને અધ્યાપકો દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ**માં પ્રિ. ડૉ. ડી. યુ. પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ એન.સી.સી. વિભાગ અંતર્ગત બ્હેનો દ્વારા કોલેજ પટાંગણમાં વૃક્ષારોપણ કરી ''પર્યાવરણ દિન'' ઉજવણી કરવામાં આવી.

ચારુતર વિદ્યામંડળ સંચાલિત **સેમકોમ કોલેજ**માં તા. ૨૩ જુલાઈ ૨૦૦૮ના રોજ થેલેસેમિયા પરીક્ષણનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરીક્ષણમાં અમદાવાદ રેડ ક્રોસ સોસાયટીનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ**માં રાષ્ટ્રીય સેવા યોજનાના ઉપક્રમે તાજેતરમાં થેલેસીમીયા માઈનોર ટેસ્ટનો પ્રોગ્રામ યોજવામાં આવ્યો. જેમાં પ્રથમ વર્ષના તમામ વિભાગના ૫૮૦ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ટેસ્ટ કરાવ્યો.

રેડક્રોસ સોસાયટી, આણંદ તથા ચારુતર વિદ્યામંડળ સંચાલિત **સેમકોમ કોલેજ**ના સંયુક્ત ઉપક્રમે સોશિયલ સેન્સીટીવીટી રોલ અને સ્વર્ણિમ ગુજરાત સેલિબ્રેશન કાર્યક્રમના ભાગરૂપે સેમકોમ કોલેજમાં રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના વિવિધ વિદ્યાશાખાના થઈ કુલ ૧૭૨ વિદ્યાર્થીઓએ એક બોટલ બ્લડ આપી સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી અદા કરી હતી. રકતદાતાઓને દરેકને રેડક્રોસ સોસાયટી દ્વારા એક ગ્લાસ બાઉલ ભેટમાં આપવામાં આવ્યો હતો.

**એમ. બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન**ના એન. એસ.-એસ. યુનિટ અને રોટરી કલબ, વલ્લભ વિદ્યાનગર સંયોજિત ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે તા. ૧૯-૭-૨૦૦૮ના રોજ રકતદાન શિબિરનું આયોજન થયું હતું.

આ પ્રસંગે એમ. બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનના લગભગ ૩૦ જેટલા પ્રશિક્ષણાર્થીઓએ રકતદાનના ઉમદા કાર્યમાં સહભાગિતા નોંધાવી હતી.

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અને **શ્રી ભીખાભાઈ પટેલ આર્ટ્સ કોલેજ**ના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. તદ્ઉપરાંત આ શિબિરમાં વિદ્યાર્થીઓને થેલેસેમિયા રોગ અંગે માહિતી પૂરી પાડી વિદ્યાર્થીનીઓનો રાહતદરે થેલેસેમિયા ટેસ્ટ કરવામાં આવ્યો હતો.

ચારુતર વિદ્યામંડળ સંચાલિત **સેમકોમ કોલેજ**માં તાજેતરમાં લલિતકળા સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું. એમાં કોલાજ મેકિંગ, ઓન ધ સ્પોટ પેઈન્ટીંગ, પોસ્ટર મેકીંગ, કાર્ટૂન ડ્રોઈંગ, કલે મૉડેલિંગ અંગે સુખ્યાત કલાકારો કનુભાઈ પટેલ, મિત્રેશ વર્મા અને ક્રિશ્ના પંડ્યાએ પ્રશિક્ષણ આપ્યું હતું. એ પછી આ કલાઓની સ્પર્ધાઓનું પણ આયોજન થયું હતું.

આ જ કોલેજમાં તાજેતરમાં ''નોવેલ્સ - ધી એડ મેકીંગ શો'' અને ''એલીકોન બેસ્ટ બિઝનેસ આઈડીયા'' સ્પર્ધાઓનું લૉંચિંગ કરાયું હતું.

સતત બે વર્ષની સફળતાના પગલે ત્રીજા વર્ષે પણ 'નોવેલ્સ-ધી એડ મેકીંગ' સ્પર્ધા ખુલ્લી મુકાઈ. વિજ્ઞાપન જગતમાં રસ ધરાવતા દરેક વિદ્યાર્થીને મંચ પૂરુ પાડવા કોલેજ દ્વારા આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે.

જ્યારે આની સાથે કોલેજ દ્વારા બીજી એક મહત્વની પ્રતિયોગિતા 'એલીકોન બેસ્ટ બિઝનેસ આઈડીયા'નું પણ લૉંચિંગ કરાયું હતું. સેમકોમ દ્વારા સતત નવ વર્ષથી આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. જ્યારે છેલ્લા ચાર વર્ષથી એલીકોન એન્જિનિયરીંગ આ સ્પર્ધા સ્પોન્સર કરે છે. જેમાં ત્રણ વિજેતા બીઝનેસ આઈડીયાને રૂા. ૨૦૦૦૦નું રોકડ પુરસ્કાર આપવામાં આવે છે. આખરી પસંદગી પહેલા ટ્રેઈનીંગ

મોડ્યુલ્સ યોજાય છે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અભય જોષી વિદ્યાર્થી ફોર્થ યર બીબીએ આઇટીએમ દ્વારા કરવામાં આવ્યું હતું.

➢ શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત **આણંદ કોલેજ ઓફ એજ્યુકેશન,** આણંદ અને **આણંદ એજ્યુકેશન કોલેજ**ના સંયુક્ત આયોજનથી મેમરી પાવર ડેવલોપમેન્ટ વર્કશોપ યોજાયો. જેમાં મુખ્ય મહેમાન તરીકે બાયોટેક્ના મનીષભાઇ શાહ દ્વારા યાદશક્તિ વિષયક કાર્યક્રમ રજૂ કરાયો હતો.

આ જ કોલેજમાં ગૌરીવ્રતની ઊજવણીના ભાગરૂપે રંગોળી સ્પર્ધા યોજાઇ હતી.

આ જ કોલેજમાં ગૌરીવ્રતની ઊજવણીના ભાગરૂપે મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં નિર્ણાયક તરીકે ડૉ. રીનાબેન વોરા અને પ્રા. નિમિષાબેન પટેલે સેવાઓ આપી હતી. જેમાં પ્રથમ શાહ પિનાલી, દ્વિતીય પારેખ પ્રતિક્ષા અને તૃતીય ચૌધરી દિપીકા તથા રોહિત મનિષા વિજેતાઓ બન્યા હતા.

➢ શ્રી બોરીઆવી કેળવણી મંડળ સંચાલિત **સરદાર પટેલ કોમર્સ** અને **બીબીએ, બીસીએ પ્રોગ્રામ કોલેજ**માં ગૌરીવ્રત નિમિત્તે મહેંદી હરિફાઇ, પરંપરાગત વસ્ત્ર પરિધાન, એક મિનિટ રમત, સંગીત ખુરશી જેવી સ્પર્ધાઓ યોજાઇ હતી.

➢ શ્રી બોરીઆવી કેળવણી મંડળ સંચાલિત **સરદાર પટેલ આર્ટ્સ કોલેજ**માં મહેંદી હરીફાઇ, કેશગુંફન સ્પર્ધા, પરંપરાગત વસ્ત્ર-પરિધાન તથા પૂજાથાળી સજાવટ સ્પર્ધા આયોજિત કરી હતી.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **સી.પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ**માં રાષ્ટ્રીય સેવા યોજનાના ઉપક્રમે તાજેતરમાં મહેંદી સ્પર્ધા યોજવામાં આવી જેમાં ૩૩ બહેનોએ ભાગ લીધો.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ કોલેજ ઓફ એજ્યુકેશન**માં તાજેતરમાં બર્થ-ડે કાર્ડ કોમ્પિટીશનનું આયોજન કરાયું હતું.

આ જ કોલેજમાં સહઅભ્યાસ પ્રવૃત્તિના અભ્યાસ રૂપે સંસ્થાની તમામ તાલીમાર્થી બહેનો માટે સ્વનિર્મિત બર્થ ડે કાર્ડની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું.

➢ શ્રી બોરીઆવી કેળવણી મંડળ સંચાલિત **સરદાર પટેલ કોમર્સ કોલેજ**માં એક-દિવસીય યોગ-શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં અમીબેન પટેલે હાજર રહીને વિદ્યાર્થીઓને યોગનું મહત્વ વિવિધ યોગ-કૌશલ્ય કરીને તેના વિશે માર્ગદર્શન તેમજ તેનાથી થતા ફાયદાઓ વિશે જણાવ્યું હતું.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં તાજેતરમાં ઉચ્ચશિક્ષણ કમિશ્નર કચેરી દ્વારા આયોજીત સ્વર્ણિમ ગુજરાત, બ્રાન્ડ ગુજરાત ૨૦૧૦ના અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સંસ્થાના સંવાહક ડૉ. માલાબેને સ્વર્ણિમ ગુજરાત વિશેની રૂપરેખા આપી હતી.

➢ ચારુતર વિદ્યામંડળ સંચાલિત **સેમકોમ કોલેજ**માં તા. ૨૬ જુલાઇ ૨૦૦૮ના રોજ કારગીલ દિવસ ઉજવણી કરવામાં આવી હતી. કારગીલ યુદ્ધમાં શહીદ થયેલા જવાનો અને દેશ પાછળ અમર થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ આપવા સેમકોમના વિદ્યાર્થીઓ છેલ્લા સાત વર્ષથી આ દિવસ ઉજવે છે.

આ પ્રસંગે રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય સેનાની સમિતિના પ્રમુખ શ્રી ધર્મેન્દ્ર પાઠકે વિશેષ વક્તવ્ય આપ્યું હતું.

સેમકોમના વિદ્યાર્થીઓએ દેશની હાલત રજૂ કરતી એક દસ્તાવેજી ફિલ્મ વિદ્યાર્થીઓને દર્શાવી હતી.

➢ **અમદાવાદ બોમ્બકાંડના મૃતકોને સરદાર પટેલ આર્ટ્સ કોલેજ, બોરીઆવી દ્વારા શ્રદ્ધાંજલિ**

ગુજરાતના આર્થિક પાટનગર અમદાવાદમાં તાજેતરમાં ત્રાસવાદીઓ પ્રેરિત માનવતા વિરુદ્ધ હિચકારા કૃત્યમાં પચાસથી વધારે નિર્દોષ લોકોએ જાન ગુમાવ્યા છે. આ અપ્રિય ઘટનાને અનુલક્ષીને મૃતાત્માઓને શ્રદ્ધાંજલિ અર્પવાનો એક કાર્યક્રમ બોરીઆવી કેળવણી મંડળ સંચાલિત સરદાર પટેલ આર્ટ્સ કોલેજમાં આયોજીત થયો હતો.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન. એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન**માં અમદાવાદ બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુ પામેલ મૃતકોની યાદમાં શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

➢ શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત **આણંદ કોલેજ ઓફ એજ્યુકેશન,** આણંદ દ્વારા તાજેતરમાં 'વીરાંગના લક્ષ્મીબાઇની પુણ્યતિથિ' સંસ્થાના આચાર્ય દિવ્યેશભાઇ પટેલના અધ્યક્ષસ્થાને યોજાઇ. જેમાં પ્રા. અભીપ્સાબેન યાજ્ઞિકે આઇસીટીના ઉપયોગ દ્વારા લક્ષ્મીબાઇનો વિશેષ પરિચય કરાવ્યો હતો.

➢ **આણંદ કોમર્સ કોલેજ**ના એન.સી.સી. વિભાગ દ્વારા ભારતીય સેનાનાં ફિલ્ડમાર્શલ સામ માણેકશાને શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ તાજેતરમાં યોજવામાં આવેલ હતો.

આ પ્રસંગે કોલેજના ભૂતપૂર્વ એન.સી.સી. ઓફીસર પી.બી. ત્રિવેદીએ સામ માણેકશાના શૌર્યપૂર્ણ પ્રસંગોનું વર્ણન કરી બાંગ્લાદેશને આઝાદ કરાવવામાં તેમણે આપેલ યોગદાનની પ્રશંસા કરી કેડેટ્સને તેમના જીવનમાંથી પ્રેરણા લેવા શીખ આપી હતી.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ કોલેજ ઓફ એજ્યુકેશન** દ્વારા તાજેતરમાં ગુજરાતના જાણીતા બાળ કેળવણીકાર

સ્વ. ગિજુભાઇ બધેકાની પુણ્યતિથી સંસ્થાના આચાર્ય દિવ્યેશભાઇ પટેલના અધ્યક્ષસ્થાને અને પ્રા. જેનીફરબેન ક્રિશ્ચિયનના માર્ગદર્શન હેઠળ યોજાઇ. જેમાં પ્રા. જેનીફરબેન ક્રિશ્ચિયન દ્વારા 'દિવાસ્વપ્ન'ની છણાવટ કરાઇ હતી. તાલીમાર્થીઓ કિરણભાઇ, વૈશાલીબેન અને આરીફભાઇએ વકતવ્યો આપ્યું હતું.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન. એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન**માં પ્રશિક્ષણાર્થીઓના પ્રતિનિધિમંડળની રચના લોકશાહી ઢબે કરવામાં આવી હતી. પ્રશિક્ષણાર્થીઓને સાચી લોકશાહી ચૂંટણી પ્રક્રિયાનો ખ્યાલ આવે તે હેતુસર લોકશાહી પ્રક્રિયાને પોષક ચૂંટણી પ્રક્રિયાનું સુપેરે આયોજન કરવામાં આવ્યું હતું.

➢ ચારુતર વિદ્યામંડળ સંચાલિત **સેમકોમ કોલેજ** ખાતે તા. ૩૧ જુલાઇ ૨૦૦૮ના રોજ વિદ્યાર્થી મધ્યસ્થ સમિતિની રચના કરવામાં આવી હતી.

➢ શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત **આણંદ કોલેજ ઓફ એજ્યુકેશન**, આણંદમાં અધ્યાપક સમિતિ દ્વારા સર્વાનુમતે તાલીમાર્થીઓની વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી હતી. આ સાથે સર્વાનુમતે જી.એસ. અને એલ.આર.ની રચના કરવામાં આવી હતી.

આ જ કોલેજમાં તાજેતરમાં ઓલ્ડ સ્ટુડન્ટ એસોસીએશનની સ્થાપના થઇ હતી.

➢ ચારુતર વિદ્યામંડળ સંચાલિત **સેમકોમ કોલેજ** ખાતે તાજેતરમાં છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓ માટે કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશિબિરના મુખ્ય વક્તા તરીકે રામકૃષ્ણ મિશન, વડોદરાના સ્વામીશ્રી નિખિલેશ્વરાનંદજીએ હાજરી આપી હતી.

સ્વામીશ્રી નિખિલેશ્વરાનંદજીએ ''Formation of Leaders of Tomorrow''ના વિષય પર વાલીઓને વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે કેવી રીતે તેમના પુત્ર, પુત્રીને પરિવાર પ્રત્યે ભાવના અને અભ્યાસના મૂલ્યો સમજાવવા તે અંગે ચર્ચા કરી હતી.

આ જ કોલેજમાં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓ માટે કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાતભરના સમગ્ર વિસ્તાર તથા મહારાષ્ટ્ર, રાજસ્થાન વિગેરે રાજ્યોના મળી ૨૨૫ મા-બાપે આ વર્કશોપમાં હાજરી આપી હતી.

ડૉ. હેમંત અંતાણીએ ખુબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ મા-બાપને પોતાના પાલ્ય માટે સમય ફાળવ્યા બદલ આવકારીને પોતાના વકતવ્યની શરૂઆત કરી હતી. બદલાતી જતી સામાજિક અને આર્થિક પરિસ્થિતિ, શાળા અને કોલેજ કાળમાં બદલાતું માનસ અને મા-બાપની ભૂમિકાની વિસ્તૃત ચર્ચા કરી હતી.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન. એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન** અને લાયન્સ કલબ, આણંદ અમૂલના સંયુક્ત ઉપક્રમે વાલી અધ્યાપક સંસદ સ્નેહમિલનનો કાર્યક્રમ યોજાયો હતો. વાલી અધ્યાપક સંસદની નવી કારોબારીનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

આ જ કોલેજમાં વાલી અધ્યાપક સંસદના તૃતીય સ્નેહમિલનનો કાર્યક્રમ યોજાયો હતો. મુખ્ય વકતા સરદાર પટેલ યુનિવર્સિટી, શિક્ષણશાસ્ત્ર ભવનનાં અધ્યક્ષ ડૉ. મહેશભાઇ યાજ્ઞિકે જીવન સાથે જોડતા શિક્ષણનો અનુરોધ કર્યો હતો. તેમણે વાલી તેમજ અધ્યાપકોને સહઅસ્તિત્વમાંથી સહજીવન તરફ દોરી જતા શિક્ષણનો વિનિયોગ કરવાનો અનુરોધ કર્યો હતો. સમારોહના અધ્યક્ષ ડૉ. ફકીરભાઇ પટેલ તથા અતિથિવિશેષ ડૉ. હિંમતભાઇ પટેલે પ્રાસંગિક વકતવ્ય આપ્યા હતાં.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન. એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન કોલેજ** ખાતે લોકવિજ્ઞાન કેન્દ્ર, વિદ્યાનગર તેમજ લાયન્સ કલબ આણંદ-અમૂલના સંયુક્ત ઉપક્રમે વિશ્વવસ્તી દિનની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં લોકવિજ્ઞાન કેન્દ્ર, વિદ્યાનગરના ડૉ. કમલનયન જોષીપુરા અને વિકાસભાઇ દેસાઇ તથા ડિપાર્ટમેન્ટ ઓફ ઇકોનોમિકસમાંથી આવેલ કાર્યક્રમના મુખ્ય વકતા નંદાબેન પટેલ, ડૉ. હિંમતભાઇ પટેલ તથા લાયન્સ કલબ આણંદ-અમૂલના ઉપપ્રમુખશ્રી કનુભાઇ શાહ ઉપસ્થિત રહ્યા હતા.

વિશ્વવસ્તી દિન નિમિત્તે તાલીમાર્થીઓએ વકતવ્યો આપ્યા હતા. ગુપ્તા મનિષે પોસ્ટર અને ચાર્ટ દ્વારા વસ્તી વધારો રોકવા માટેના પ્રયત્નોની રજૂઆત કરી હતી. ચૌધરી કલ્પનાબેન, મકવાણા મંજુલાબેન, રબારી રામજીભાઇ તેમજ વહોરા રીજવાનભાઇએ વસ્તીવૃદ્ધિ સંદર્ભે વકતવ્યો રજૂ કર્યા હતા.

કાર્યક્રમના મુખ્ય વકતા નંદાબેન પટેલે આંકડાકીય માહિતી સાથે વસ્તીવૃદ્ધિ અને પર્યાવરણીય સમસ્યા ઉપર તલસ્પર્શી વ્યાખ્યાન આપ્યું હતું. ડૉ. હિંમતભાઇ પટેલે તેમની આગવી શૈલીમાં વસ્તીવૃદ્ધિને કઇ રીતે Quality of Populationમાં ફેરવી શકાય તેની રજૂઆત કરી હતી. લોકવિજ્ઞાન કેન્દ્ર, વિદ્યાનગરના ડૉ. કમલનયન જોષીપુરા સાહેબે વિશ્વવસ્તી દિનની ઉજવણી પાછળનો વૈજ્ઞાનિક દષ્ટિકોણ સમજાવી વસ્તીવૃદ્ધિને અંકુશમાં લેવાના પગલાની અસરકારક રજૂઆત કરી હતી. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી શર્મા મૂકેશભાઇએ કર્યું હતું.

➢ શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત **આણંદ કોલેજ ઓફ એજ્યુકેશન**માં તાજેતરમાં સંસ્થાના આચાર્ય દિવ્યેશભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ વિશ્વ વસ્તીદિનની ઊજવણી કરાઇ. જેમાં પોસ્ટર કોમ્પિટીશનનું આયોજન કરાયું હતું. ૪૧ તાલીમાર્થી ભાઇ-બહેનોએ સૂત્રાત્મક સંદેશ આપતા પોસ્ટર કોલેજમાં જ દોર્યા હતા. નિર્ણાયક તરીકે આણંદ એજ્યુકેશનના આચાર્યા ડૉ. માલાબેન અને ડૉ. રીનાબેને સેવાઓ આપી હતી. સ્પર્ધાના વિજેતાઓ આ પ્રમાણે છે.

૧. પ્રથમ : પટેલ અર્ચના એ., ભોઇ પ્રીતિબેન ડી.

૨. દ્વિતીય : શાહ પિનાલીબેન આર.

૩. તૃતીય : વહોરા આસીફભાઇ એન., અમરાવત કિરણભાઇ એમ.

➢ આણંદ પીપલ્સ મેડીકેર સોસાયટી દ્વારા સંચાલિત **શ્રી જે.એમ. પટેલ આર્ટ્સ કોલેજ,** આણંદના અર્થશાસ્ત્ર વિભાગના ઉપક્રમે તાજેતરમાં સોસાયટીના પ્રમુખશ્રી બિપીનચંદ્ર પી. પટેલ (વકીલ)ની અધ્યક્ષતામાં ''વિશ્વ વસ્તી દિન''ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કોલેજના અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રા. ભાનુભાઇ પરમારે માલ્થસના વસ્તી અંગેના વિચારોની સમજ આપી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. વિશાલભાઇ ચુડાસમાએ કર્યું હતું.

➢ **એમ.બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન**માં તા. ૧૭-૮-૨૦૦૮ના દિવસે ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કોલેજના આચાર્યશ્રી ડૉ. એન. આર. પટેલે ગુરુ પદની ઉત્કૃષ્ટતા સમજાવી આજના શિક્ષકો અને પ્રશિક્ષણાર્થીઓને ગુરુના આદર્શ ગુણો આત્મસાત કરવા માટે દિશાસૂચન કર્યું હતું. આ નિમિત્તે કોલેજના વરિષ્ઠ અધ્યાપક ડૉ. એ. કે. શાહે આજના શિક્ષકોને જ્ઞાન, સામર્થ્ય અને આચરણ યથાયોગ્ય બનાવી, વ્યાવસાયિક અને નૈતિક સભાનતા કેળવવાનો અનુરોધ કર્યો હતો. કોલેજના અધ્યાપિકા ડૉ. રસિદાબેન દિવાને પણ પોતાના જીવન ઘડતરમાં મૂલ્ય પ્રદાન કરનાર ગુરુઓને યાદ કરી વિદ્યાર્થી જીવનમાં ગુરુનું મહાત્મ્ય રજૂ કર્યું હતું. સંસ્થાના અન્ય અધ્યાપિકા ડૉ. અમિતાબેન પટેલે પણ ભારતીય સંસ્કૃતિમાં ગુરુપૂર્ણિમાના પર્વની ઉજવણીની ભૂમિકા રજૂ કરી હતી.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન. એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન** તથા લાયન્સ કલબ આણંદ-અમૂલના સંયુક્ત ઉપક્રમે ગુરૂપૂર્ણિમાની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય વક્તા તરીકે સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના સિસ્ટમ કન્સલટન્ટ ડૉ. સી.એસ. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ગુરૂપૂર્ણિમા નિમિત્તે ગુરૂનો મહિમા વર્ણવતા વકતવ્યો તાલીમાર્થી શર્મા મૂકેશભાઇ, પાઠક સેજલબેન, પરમાર હિતેશભાઇ, પ્રજાપતિ અર્પિતા, તળપદા વિનુભાઇ, ચૌધરી સંદિપભાઇ વગેરેએ આપ્યા હતા. તાલીમાર્થી સોલંકી દિનેશભાઇએ ગુરૂનો મહિમા વર્ણવતા કબીરના દોહાનું ભાવવાહી પઠન કર્યું હતું. ડૉ. જે. જે. રાણાએ ગુરૂમહિમાનું ગાન કરી રંગ અવધૂતના સુંદર પદ સુમધુર સ્વરે રજૂ કર્યા હતા. ડૉ. સી. એસ. પટેલ સાહેબે તેમના અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં લઘુમાંથી ગુરૂ બનવા માટેના પથ તરફ ગતિ કરવા શિક્ષક પાસે શું હોવું જોઇએ તેની આગવી શૈલીમાં છણાવટ કરી હતી. કાર્યક્રમની આભારવિધિ પ્રા. જયકરભાઇ મેકવાને કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી શિલ્પાબેન શાહે કર્યું હતું.

➢ ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત **શ્રી ભીખાભાઇ પટેલ આર્ટ્સ કોલેજ**માં ગૌરીવ્રત નિમિત્તે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહેંદી હરિફાઇ, રંગોળી, કેશગુંફન, એકપાત્રી અભિનય, વર્ષાગીત જેવી સ્પર્ધાઓથી ગુરૂપૂર્ણિમાનો ઉત્સવ ઉજવાઇ ગયો. જેમા મહેંદી હરિફાઇમાં અનુક્રમે (૧) પટેલ અર્ચના (૨) દિવાન સ્વાલેટા (૩) ભટ્ટ એકતા વિજેતા બન્યાં હતાં. જ્યારે રંગોળી હરિફાઇમાં અનુક્રમે (૧) ભોઇ વૈશાલી (૨) ભટ્ટ એકતા (૩) ચુડાસમા શ્રદ્ધા વિજેતા બન્યાં હતાં. જ્યારે કેશ ગુંફનની હરિફાઇમાં અનુક્રમે (૧) ભટ્ટ એકતા (૨) પટેલ સોનમ (૩) ભોઇ વૈશાલી વિજેતા બન્યાં હતાં. એકપાત્રીય અભિનય સ્પર્ધામાં અનુક્રમે (૧) પટેલ ધવલ (૨) વીરડા ધરા (૩) રાઠોડ ભૂમિકા વિજેતા બન્યાં હતાં. જ્યારે વર્ષાગીત સ્પર્ધામાં અનુક્રમે (૧) ભોઇ વૈશાલી (૨) દિવાન સ્વાલેટા (૩) ઠાકર અવનિ વિજેતા બન્યાં હતાં.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં તાજેતરમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણીનો કાર્યક્રમ પેટલાદ બી.એડ્. કોલેજના નિવૃત્ત પ્રિ. ઉપેન્દ્રભાઇ પાઠકના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ કોલેજ ઓફ એજ્યુકેશન**માં આચાર્ય દિવ્યેશભાઇ પટેલના અધ્યક્ષસ્થાને ગુરૂપૂર્ણિમાની ઊજવણી કરાઇ. જેમાં મુખ્ય મહેમાન નું સ્થાન ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશનના વડાશ્રી ડૉ. મહેશચંદ્ર યાજ્ઞિકે શોભાવ્યું હતું. આ નિમિત્તે 'ગુરૂઃ ગઇકાલ, આજ, અને આવતી કાલ' વિષય પર વકતૃત્વ સ્પર્ધા યોજાઇ હતી. એમાં પ્રથમ જાદવ ચેતનભાઇ, દ્વિતીય પંડ્યા ભાર્ગવભાઇ અને તૃતીય અમરાવત કિરણભાઇ તથા પટેલ અર્ચનાબેન વિજેતા થયા હતા. નિર્ણાયક તરીકે ક્રિશ્ચિયન કોલેજ ઓફ એજ્યુકેશનના પ્રા. ભારતીબેન અને આણંદ કોલેજ ઓફ એજ્યુકેશનના પ્રા. નિમિષાબેને સેવા આપી હતી.

➢ **વિદ્યાનગર લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા જળસંકટ વિષે શાળાઓનો નેશનલ સાયંસ સેમિનાર યોજાયો**

અત્રેની સરદાર પટેલ યુનિવર્સિટી અંતર્ગત સી.સી. પટેલ લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તાજેતરમાં આણંદ જીલ્લાની શાળાઓ માટે નેશનલ સાયંસ સેમિનાર સ્પર્ધા યોજવામાં આવી, જેનો વિષય હતો - ''પૃથ્વી પરનું જળસંકટ-સમસ્યાઓ અને ઉપાયો'' સ્પર્ધામાં જીલ્લાની ૩૦ ઉપરાંત શાળાઓના ધો. ૮,૯ અને ૧૦ના વિદ્યાર્થીઓએ પરિસંવાદમાં રજૂઆત કરીને પાણી અંગેની સમસ્યાઓની ચર્ચા કરી. સ્પર્ધકોએ પોસ્ટરો રજૂ કરીને પોતાના મંતવ્યોનું સમર્થન કર્યું. પ્રારંભમાં એક વૈજ્ઞાનિક વલણ કસોટી આપીને કાર્યક્રમની શરૂઆત થયા બાદ લોક વિજ્ઞાન કેન્દ્રના માનદ્ નિયામક પ્રો. કે. એન. જોષીપુરાએ સૌને આવકાર આપીને કાર્યક્રમનો હેતુ સમજાવ્યો. સેમિનાર સ્પર્ધાના નિર્ણાયકો અધ્યાપકો ડૉ. ઉજ્જવલભાઇ ત્રિવેદી તથા ડૉ. તરુણભાઇ ત્રિવેદી, તેમજ વિદ્યાનગર નેચર કલબના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી ધવલભાઇ પટેલ હતા. નિર્ણાયકોએ દરેક સ્પર્ધકને પ્રશ્નો પૂછીને વાતાવરણ જીવંત રાખ્યું તેમજ વિદ્યાર્થીઓના જ્ઞાનની કસોટી પણ કરી હતી. તેઓએ ધ્યાન દોર્યું કે આપણે ત્યાં શહેરીકરણ વધતા પાણીનો બગાડ વધ્યો છે. ઘણી જગ્યાએ સુએજ પ્લાન્ટ ચાલતા ન હોવાથી પીવાનું પાણી પ્રદૂષિત થઇને નુકશાન પહોંચાડે છે.

જીલ્લા કક્ષાની આ સ્પર્ધા ખૂબ જ રસપ્રદ રહી અને તેમાં નીચે મુજબ વિદ્યાર્થીઓ અગ્રેસર રહ્યા.

પ્રથમ : પરમાર અભિષેક ડી. (ડી.એન. હાઈસ્કુલ, આણંદ)
બીજા : જોષી શ્રુતિબેન કે. (સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ, ઉમરેઠ)
ત્રીજા : પટેલ મિતવા વી. (ગો. જો. શારદા મંદિર, વિદ્યાનગર)

કાર્યક્રમના અન્તભાગે ઈનામ વિતરણ યોજાયું, જેમાં મુખ્ય મહેમાન હતા પ્રો. શાંતિભાઈ જી. પટેલ કે જેઓ લોક વિજ્ઞાન કેન્દ્રના ભૂતપૂર્વ નિયામક અને હાલમાં ચારૂતર વિદ્યામંડળ-વિદ્યાનગરના માનદ્ સહમંત્રી છે. તેઓશ્રીએ વિદ્યાર્થીઓને વિજ્ઞાનની વધુ જાણકારી મેળવવા પ્રોત્સાહિત કર્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓ અભિષેક અને શ્રુતિ હવે ગાંધીનગર ખાતે ગુજકોસ્ટ સંસ્થા દ્વારા યોજાનાર રાજ્યકક્ષાની આ સ્પર્ધામાં આણંદ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

**➢ સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે થયેલી ભારતના ૬૨મા સ્વાતંત્ર્યદિનની ઉજવણી**

**૧૫ ઓગસ્ટ ૨૦૦૮ આપણો ૬૨મો સ્વાતંત્ર્યદિન, સરદાર પટેલ યુનિવર્સિટીના મુખ્ય કાર્યાલયના પ્રાંગણમાં આપણા સ્વાતંત્ર્યદિનની ઉજવણી કરવામાં આવી હતી. યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. ભરતભાઈ જી. પટેલના વરદ્ હસ્તે સવારે ૮-૩૦ કલાકે ધ્વજવંદન કરવામાં આવ્યું. આ પ્રસંગે પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા કુલપતિશ્રીએ સૌને મુબારકબાદી પાઠવી હતી અને દેશના વિકાસમાં સૌને યથાશક્તિ યોગદાન કરવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે યુનિવર્સિટી પરિવારના શૈક્ષણિક, બિન-શૈક્ષણિક સભ્યો, ડીપાર્ટમેન્ટના અધ્યક્ષશ્રીઓ, યુનિવર્સિટીની સંસ્થાઓના આચાર્યશ્રીઓ, વરિષ્ઠ અધ્યાપકો, અધિકારીઓ, સિન્ડીકેટના સદ્‌સ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.**

➢ **શ્રી અરવિન્દ ચેર ઓફ ઈન્ટિગ્રલ સ્ટડીઝ**ના ઉપક્રમે તા. ૧૭થી ૧૯ ઓગસ્ટ ૨૦૦૮ના રોજ ધરમપુર, જિ. વલસાડ ખાતે એક ત્રિ-દિવસીય પુનર્મિલન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ઈ.સ. ૧૯૯૨થી ૨૦૦૮ના વરસોમાં પ્રતિવર્ષ શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી ખાતે યોજાતા શ્રી અરવિન્દ દર્શન અધ્યયન શિબિરમાં ઉપસ્થિત રહેલા શિબિરાર્થીઓમાંના પસંદગીના ૩૦ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ શિબિરમાં ચારિત્ર્ય ઘડતર અને જીવનના સર્વતોમુખી વિકાસ માટે સહચિંતન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં તજ્જ્ઞ તરીકે ડૉ. મહેન્દ્ર ચોટલિયા (અનુ. શિક્ષણશાસ્ત્ર વિભાગ), ડૉ. ડી. એસ. મિશ્રા (અનુ. અંગ્રેજી વિભાગ) અને ડૉ. પરમ પાઠક (અનુ. ગુજરાતી વિભાગ) ઉપસ્થિત રહ્યા હતા. આ શિબિરને શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, વલ્લભ વિદ્યાનગર અને ધરમપુર ના N.G.O.- એક્શન રિસર્ચ ઈન કોમ્યુનિટી હેલ્થ (આર્ચ) નો સહયોગ સાંપડ્યો હતો.

**શ્રી અરવિન્દ ચેર ઓફ ઈન્ટિગ્રલ સ્ટડીઝ**ના ઉપક્રમે શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, વલ્લભ વિદ્યાનગર ખાતે ૬થી ૮ ઓગસ્ટ ત્રણ દિવસની સંગીત કાર્યશાળા યોજાઈ હતી. આ કાર્યશાળામાં આપણી યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાઓમાં અભ્યાસ કરી રહેલા ૫૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા. કાર્યશાળામાં દેશભક્તિ અને પ્રભુભક્તિના ગીતો શીખવવામાં આવ્યા હતા. વિદ્યાનગરના જાણીતા સંગીતજ્ઞ શ્રી જીગર મિસ્ત્રીએ પ્રશિક્ષક તરીકે સેવાઓ આપી હતી. કાર્યશાળાનું સંયોજન ડૉ. રાજેશ્વરી સિંઘે કર્યું હતું. તા. ૯ ઓગસ્ટ- શહિદ દિનના રોજ એક વિશિષ્ટ કાર્યક્રમ યોજાયો હતો. એમાં કાર્યશાળામાં પ્રશિક્ષણ પામેલા વિદ્યાર્થીઓએ ગીત, પ્રાર્થના રજૂ કર્યા હતા. આ પ્રસંગે ૨૦૦૮ના જૂન માસમાં પોંડિચેરી ખાતે શ્રી અરવિન્દ દર્શન અધ્યયન શિબિરમાં જોડાયેલા વિદ્યાર્થીઓએ તૈયાર કરેલ 'મનની તપસ્યા' વિષયક ચાર્ટ્સ, પુષ્પ છબિ પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું.

➢ **આણંદ પીપલ્સ મેડીકેર સોસાયટી સંચાલિત વિવિધ ભગિની સંસ્થાઓ**ના ઉપક્રમે ભારતીય ગણતંત્રના ૬૨માં સ્વાતંત્ર્યદિનની ઉજવણી સંસ્થાના સ્થાપક, પ્રમુખશ્રી બિપીનચન્દ્ર પી. પટેલ (વકીલ) સાહેબની અધ્યક્ષતામાં કરવામાં આવી હતી. બિપીનચન્દ્ર પી. પટેલ (વકીલ)ના હસ્તે રાષ્ટ્રગાન સાથે ધ્વજવંદન વિધિ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે પ્રેરક પ્રવચનમાં તેઓએ સ્વાતંત્ર્ય સંગ્રામના નામીઅનામી શહીદોને ભાવભરી અંજલિ આપતાં તેમનાં બલિદાનો એળે ન જાય તે જોવા યુવાધનને, દેશને શિક્ષણ દ્વારા મજબુત કરવા આહવાન કર્યું હતું. આ પ્રસંગે ભારતીય સ્વાતંત્ર્ય સેનાની સંઘના મહામંત્રી શ્રી ધર્મેન્દ્ર પાઠકે પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું.

**➢ ગુજરાત વિધાનસભા ખાતે કોમનવેલ્થ દિનની ઉજવણીમાં સહભાગી બનતા સરદાર પટેલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ**

ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીના જન્મદિનની ઉજવણીના ભાગરૂપે તાજેતરમાં ગુજરાત વિધાનસભા ખાતે સંસદીય જાગરણ કાર્યક્રમ યોજાયો હતો. ગુજરાત વિધાનસભાના માનનીય અધ્યક્ષશ્રીના વડપણ અને માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમનું ઉદ્ઘાટન ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં અનુસ્નાતક રાજ્યશાસ્ત્ર વિભાગના રીડર ડૉ. બલદેવ આગજાના નેતૃત્વમાં સરદાર પટેલ યુનિવર્સિટીના રાજ્યશાસ્ત્ર, આણંદ લૉ કોલેજ, બાયોસાયન્સ, ભૌતિકશાસ્ત્ર, અનુસ્નાતક વિભાગોના બધા થઈને કુલ ૧૦ વિદ્યાર્થી ભાઈ-બહેન જોડાયા હતા. આ સેમિનાર કોમનવેલ્થ પાર્લામેન્ટરી એસોશીએશનની ગુજરાત શાખાના ઉપક્રમે યોજાયો હતો. એનો હેતુ વિદ્યાર્થીઓમાં સંસદીય સરકાર સંસ્કાર અને વિચારનું પ્રવર્તન કરવાનો હતો. આ માટે ગુજરાત વિધાનસભાના પ્રાંગણમાં એક દિવસીય પરિસંવાદ યોજાયો હતો. આ પ્રસંગે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી અશોક ભટ્ટ, સરદાર પટેલ યુનિવર્સિટીના પ્રતિનિધિ અને વિદ્યાર્થીઓને વ્યક્તિગત રીતે મળ્યા હતા. સરદાર પટેલ યુનિવર્સિટીના પ્રતિનિધિ અને વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો એ બદલ પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

## Governance

**સિન્ડિકેટની અભ્યાસ સમિતિઓના અધ્યક્ષોની નિમણૂંક ૪ જુલાઇ ૨૦૦૮માં મળેલી સભાએ ૧૯ જુલાઇ ૨૦૦૮થી ૧૮ જુલાઇ ૨૦૧૧ સુધીની વિવિધ અભ્યાસ સમિતઓના અધ્યક્ષોની નિમણૂંક કરી છે.**

**વિનયન વિદ્યાશાખા**

| | | |
|---|---|---|
| ૧. | હિન્દીઃ | ડૉ. દયાશંકર ત્રિપાઠી-અનુ. હિન્દી વિભાગ |
| ૨. | ગુજરાતીઃ | ડૉ. એમ.કે. ચૌધરી-એન. એસ. પટેલ આર્ટ્સ કોલેજ |
| ૩. | સંસ્કૃતઃ | શ્રી એચ.એસ. મકવાણા-આણંદ આર્ટ્સ કોલેજ |
| ૪. | અંગ્રેજીઃ | ડૉ. જે.એચ. ખાન-અનુસ્નાતક અંગ્રેજી વિભાગ |
| ૫. | ઇતિહાસઃ | ડૉ. જે.એમ. પંડ્યા-અનુસ્નાતક ઇતિહાસ વિભાગ |
| ૬. | સમાજશાસ્ત્રઃ | ડૉ. એચ.એન. પટેલ-અનુસ્નાતક સમાજશાસ્ત્ર વિભાગ |
| ૭. | માનસશાસ્ત્રઃ | ડૉ. એસ. જે. પટેલ-અનુ. માનસશાસ્ત્ર વિભાગ |
| ૮. | રાજ્યશાસ્ત્રઃ | ડૉ. એમ.આર. સોની-અનુસ્નાતક રાજ્યશાસ્ત્ર વિભાગ |
| ૯. | સહકારઃ | શ્રી જે. કે. વાઘેલા-આણંદ આર્ટ્સ કોલેજ |
| ૧૦. | ગ્રંથાલય વિજ્ઞાનઃ | ડૉ. ઉર્મિલા ઠાકર-અનુસ્નાતક ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ |
| ૧૧. | સંગીત અને નૃત્યઃ | શ્રીમતિ ઇના આર. શાહ-આર.એમ. દેસાઇ કોલેજ ઓફ મ્યુઝીક એન્ડ ડાન્સ |

**વિજ્ઞાન વિદ્યાશાખા**

| | | |
|---|---|---|
| ૧. | રસાયણશાસ્ત્રઃ | ડૉ. જે.એસ. પરમાર, અનુ. રસાયણશાસ્ત્ર વિભાગ |
| ૨. | ભૌતિકશાસ્ત્રઃ | ડૉ. કે.એન. જોષીપુરા-અનુસ્નાતક ભૌતિકશાસ્ત્ર વિભાગ |
| ૩. | બાયોસાયન્સીસઃ | ડૉ. કે.એસ. રાવ-અનુસ્નાતક બાયો-સાયન્સીસ વિભાગ |
| ૪. | ગણિતશાસ્ત્રઃ | શ્રી એમ.એલ. પટેલ- એમ.બી. પટેલ સાયન્સ કોલેજ |
| ૫. | આંકડાશાસ્ત્રઃ | શ્રી ડી.સી. પટેલ-આણંદ કોમર્સ કોલેજ |

**બિઝનેસ સ્ટડીઝ (વાણિજ્ય) વિદ્યાશાખા**

૧. કોમર્સ એન્ડ બિઝનેસ સ્ટડીઝ :
શ્રી આર.એમ. પટેલ-બી.જે.વી.એમ.

૨. એકાઉન્ટન્સી :
ડૉ. પી. એ. પંચાલ-બી.જે.વી.એમ.

૩. બેન્કીંગઃ
ડૉ. એમ. કે. પટેલ-અનુસ્નાતક બિઝનેસ સ્ટડીઝ વિભાગ

**ઇજનેરી વિદ્યાશાખા**

૧. સિવિલ એન્જિ.: પ્રો. જે.એચ. પટેલ-બી.વી.એમ.

૨. ઇલેક્ટ્રીકલ એન્જિ.: ડૉ.બી.આર. પારેખ-બી.વી.એમ.

૩. મિકેનિકલ એન્જિ.: ડૉ. અનુરાગ વર્મા-જીસેટ

૪. એપ્લાઇડ મિકે. એન્ડ સ્ટ્રક્ચરલ એન્જિ.:પ્રો. એ.કે. વર્મા-બી.વી.એમ.

૫. ઇલેક્ટ્રોનિક્સ એન્જિઃ પ્રો. યુ.એચ. દેવપુરકર-બી.વી.એમ.

૬. પ્રોડક્શન એન્જિ.: શ્રી ટી.બી. પાનખનીયા-બી.વી.એમ.

૭. જીઓલોજી : પ્રા. જે.એચ. પટેલ-બી.વી.એમ.

૮. કોમ્પ્યુટર એન્જિ. : ડૉ. કેતન વી. કોટેચા- જી.એચ. પટેલ એન્જિ. એન્ડ ટેકનોલોજી

**કાયદાશાસ્ત્ર વિદ્યાશાખા**

૧. શ્રી. પી. એમ. પટેલ-આણંદ લૉ કોલેજ

**ગૃહવિજ્ઞાન વિદ્યાશાખા**

૧. શ્રીમતિ રેખાબહેન ઇમાન્યુઅલ-એસ.એમ. પટેલ હોમસાયન્સ કોલેજ

**મેડિસીન વિદ્યાશાખા**

૧. પેરા-કલીનિકલઃ ડૉ. સુનિલ એસ. ત્રિવેદી, પી. એસ. મેડિકલ કોલેજ

૨. કલીનિકલઃ ડૉ. જ્યોતિ મન્નારી, પી. એસ. મેડિકલ કોલેજ

**નવા આચાર્ય નિમાયા**

૧. ડૉ. તેજલ રીકી ગાંધી : આણંદ ફાર્મસી કોલેજ, આણંદ

૨. ડૉ. બી.એલ. નાગર : એસ. એસ. પટેલ કોલેજ ઓફ ફિઝીકલ એજ્યુકેશન, વલ્લભ વિદ્યાનગર

**યુનિવર્સિટી પરિવારમાં જોડાયા**

શ્રી વિજયકુમાર એચ. શાહ, શ્રી કેતુલકુમાર એસ. પંચાલ, કુ. ભૂમિકા એમ. શુક્લા-અનુસ્નાતક કોમ્પ્યુટર સાયન્સ વિભાગ - સેલ્ફ ફાઇનાન્સ-ટેકનીકલ આસીસ્ટન્ટ

**પ્રમોશન :**

૧. ડૉ. (શ્રીમતી) મંજરીબહેન એસ. આચાર્ય-અનુસ્નાતક ગૃહવિજ્ઞાન વિભાગ- રીડર ટુ પ્રોફેસર

૨. ડૉ. વાસુદેવ આર. ઠક્કર-અનુ. બાયોસાયન્સીસ વિભાગ-લેક્ચરર સીલેક્શન ગ્રેડ ટુ રીડર ડેઝીગ્નેશન

૩. ડૉ. ચેતન મોદી- અનુ. રસાયણશાસ્ત્ર વિભાગ- લેક્ચરર સિનિયર સ્કેલ

૪. ડૉ. સુનિલ એચ. ચાકી - અનુ. ભૌતિકશાસ્ત્ર વિભાગ- રીડર

### ➢ નવા સુવર્ણચંદ્રકો એનાયત થશે

- શ્રીમતી હેમલતા ડી. રાવલ તરફથી બી.એસસી.ના ઇન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી વિષયમાં બાહ્ય પરીક્ષામાં સર્વાધિક ગુણ મેળવનાર વિદ્યાર્થીને **ડૉ. ડી.એ. રાવલ ગોલ્ડમેડલ** આગામી ૫૧મા પદવીદાન સમારંભથી એનાયત કરવામાં આવશે.

- ડૉ. મંજૂલાબહેન સુબ્રમણ્યમ (IAS) તરફથી એમ.એસસી.- બાયૉટેકનોલોજી વિષયમાં યુનિવર્સિટીની બાહ્ય પરીક્ષામાં બધા જ સેમેસ્ટરમાં સર્વાધિક ગુણ મેળવનાર વિદ્યાર્થીને **શ્રીમતિ મીનાક્ષી સુબ્રમણ્યમ ગોલ્ડમેડલ** આગામી ૫૧મા પદવીદાન સમારંભથી એનાયત કરવામાં આવશે.

### ➢ બોર્ડ ઓફ સ્પોર્ટ્સ એન્ડ વેલફેરમાં નિમણૂંક

ડૉ. બી. એલ. નાગર, આચાર્ય, એસ. એસ. પટેલ કોલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશન, વલ્લભ વિદ્યાનગરની નિમણૂંક બોર્ડ ઓફ સ્પોર્ટ્સ એન્ડ વેલફેરમાં સભ્ય તરીકે કરવામાં આવી છે. અભિનંદન.

---

## Gujarat Common Entrance Test

## GCET 2008

The Government of Gujarat had initiated a centralized admission procedure adopted for entry to MBA and MCA Programmes offered by all the Colleges/Institutions affiliated to the universities in Gujarat from the academic year 2002-03. The privilege of conducting this prestigious test for the 2008-09 intake had been entrusted to Sardar Patel University, Vallabh Vidyanagar.

A transparent and student-friendly system had been worked out in consultation with the representatives of the MBA and MCA Departments of all the universities in the state, for the smooth conduct of the entire range of activities of GCET. A separate Admission Committee and a GCET Cell had been set up by the University for this purpose.

The admission committee had been formed with Prof. B. G. Patel, Vice-Chancellor, Sardar Patel University as its Chairman and Prof. J. S. Panwar, Head of the Department, MBA Programme, Sardar Patel UNiversity as its Coordinator. The details of other committee members are as under:

1. Prof. H.J. Jani, Co-Coordinator (MBA)
2. Prof. D.B. Choksi, Co-Coordinator (MCA)
3. Dr. (Mrs.) D.R. Dave, Member
4. Dr. P.V. Virparia, Member
5. Shri N.K. Bhatt, I/C CAO, Member
6. Joint Director, Technical Education, Member
7. Dr. B. Natraj, Member Secretary, Registrar

A separate Information Bulletin-cum-Application form for MBA and MCA had been prepared containing the profile of eleven universities and the affiliated institutes. The test had been conducted at 10 nodal centres across Gujarat viz Ahmedabad, Vadodara, Surat, Rajkot, Bhavnagar, Patan, Vallabh Vidyanagar, Kherva, Gandhinagar and Bhuj. The detailed schedule for the admission process (important dates) had also been announced well in advance and the information was regularly being updated on University's website.

The number of institutes participating in GCET 2008 in the state was 52 institutes for MBA and 37 institutes for MCA. Approximately 15,000 forms of MBA and 5,000 forms of MCA were sold in the first week of the beginning of form selling, which reflects the enormous demand for both the courses.

Forthcoming Event

**Exhibition**

**"Know your Heritage"**

**Traditional Textiles of India-Sarees**

**Venue**

**S. M. Patel College of Home Science**

Fashion Design Studio

Vallabh Vidyanagar

**Date :** 16th-17th September 2008

**Time :** 11.00 a.m. to 4.30 p.m.

## IKAT TEXTILES - Our Heritage

Journey of textiles began from Mohenjodaro to middleages to till date. We know that change is a continuous process, good or bad is an issue of debate. Like that, due to invaders and technological advancement, Indian textiles has also been transformed from its origin to contemporary. Yet, technology also has its limitations, where artform of intricate mental process and coordination of work of fingers are involved.

**Ikats:** Double ikats, single ikats and compound ikats are the unique techniques of making these textiles. These are made in silks and cotton.

***Patan patola*** is a form of double ikats in silk. It is known as king of textiles. This art is a combination of pure Science and Arts, i.e. Physics in yarn making, Maths in arrangement of yarns, design and count, Chemistry in dyeing of yarns–according to design (tie-dye), Fine arts in creating floral, figured, geomatrical designs on length wise and width wise yarns. These yarns are first tie-dyed, in which number of processes are involved and then fabric is made by weaving process. Matching of the colour according to design is also an intricate process. This is an inherent art and one piece of saree costs around Rs. 80 thousands.

Single ikats and compound ikats in cotton and silks are also made in Rajkot-Gujarat, Orissa as well as Andhra Pradesh. These are used for personal clothing and as household textiles.

[IKAT- Set of yarns in a fabric length wise or width wise]

**Ms Bhanu Patel**
S. M. Patel College of Home Science

## Subscribe Today

| **Annual** | | **Life** |
|---|---|---|
| Students | : Rs.10.00 | Faculty & Staff : Rs.200.00 |
| Others | : Rs.15.00 | Institutions & Individuals : |
| Institutions | : Rs.100.00 | Rs.500.00 |

**Lifetime Subscription in Foreign Exchange:**

US $ 100.00 € 75.00 £ 75.00

**Contact:** Publication Division, Bhaikaka Library
Vallabh Vidyanagar 388 120

## Contribute Today

*Sheel Shrutam* welcomes readers' contributions in the form of news, views, ideas and information for publication. **Please send your contributions before 1st week of every month to Param Pathak, Department of Gujarati, Sardar Patel University, Vallabh Vidyanagar 388 120.**

**Email: sheelshrutam@gmail.com**

Registered with the Registrar of Newspaper for India. Under No. G/AND-73 (B) Superscription PERIODICALS (S)

O. I. G. S. Book Post (Printed Matter)

If undelivered please return to :

The Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar - 388 120, Gujarat - India

*Sheel Shrutam :* A Monthly Newsletter of Sardar Patel University, for Private Circulation.
Published by Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar, 388 120
**Computerised Type set / Designed and Printed at University Press, Vallabh Vidyanagar**
Views expressed in this Newsletter do not necessarily reflect the official policy of the University.